॥ શ્રી સંતરામ મહારાજ સત્ય છે ॥

# શ્રી રામરક્ષા સ્તોત્રમ્

## શ્રી સંતરામ મંદિર, નડિયાદ.

---

સૌજન્ય : અ.સૌ. કાંતાબેન અને ડૉ. ચંદ્રકાન્તભાઈ સી. દેસાઈ,
અ.સૌ. રૂપમબેન અને સુનીલકુમાર સી. દેસાઈ,
અ.સૌ. મીનાબેન અને હેમંતકુમાર સી. દેસાઈ, New Jersey

પ્રકાશક : શ્રી સંતરામ ભક્ત સમાજ, યુ.એસ.એ.

# શ્રી રામરક્ષા સ્તોત્ર માહાત્મ્ય તથા પ્રયોગ વિધિ

શ્રી રામરક્ષા સ્તોત્ર અત્યંત લાભપ્રદ છે. આ ગ્રંથમાં શ્રી રામરક્ષા સ્તોત્ર પ્રકાશિત કરવામાં આવ્યું છે. જે સૌ પ્રથમ બુધ કૌશિક ઋષિને સ્વપ્નમાં ભગવાન શંકર દ્વારા પ્રાપ્ત થયેલ અને તેમના પાસેથી જગમાં વ્યાપ્ત થયું છે. અનુષ્ટુપ છંદમાં વિરચિત આ વજપંજર સ્તોત્રનાં ઋષિ બુધ કૌશિક છે, ભગવતી શ્રી સીતા તેની શક્તિ છે, ભગવાન શ્રી રામ તેના દેવતા છે તથા શ્રી હનુમાનજી તેનાં કીલક છે, આ સ્તોત્રમાં વિશ્વાધાર, વિશ્વ સંરક્ષક, પતિત પાવન, સર્વસમર્થ, પૂર્ણપુરુષોત્તમ ભગવાન શ્રી સીતારામનું ધ્યાન કરવા ઉપરાંત અંગ-પ્રત્યાંગની રક્ષા કરવા માટે તેમને પ્રાર્થના કરવામાં આવી છે. મર્યાદાપુરુષોત્તમ શ્રી રામની વંદના કરનાર તથા આશ્રિત રહેનારનું સર્વદા સર્વત્ર કલ્યાણ જ થાય છે. લૌકિક દુ:ખો તો શું પણ રામાશ્રયી ભક્તને ન તો યમદૂત ભયભીત કરી શકે છે કે ન તો તેને સંસારચક્રમાં બંધાવું પડે છે. ભગવાન શ્રી સીતારામની પ્રસન્નતા પ્રાપ્ત કરવા માટે આ સ્તોત્રનો પાઠ કરવો જરૂરી છે. તેમની કૃપાથી સાંસારિક કષ્ટ, શારીરિક રોગ તથા માનસિક ચિંતાઓ દૂર થાય છે. સ્તોત્રનાં સિદ્ધકર્તાએ શ્રદ્ધાપૂર્વક અને ભાવપૂર્વક, અર્થ સમજીને પુનઃ પુનઃ પાઠ કરવો જોઈએ, જેથી ઈષ્ટફળની શીઘ્ર પ્રાપ્તિ થાય.

## સ્તોત્ર સિદ્ધ કરવાની વિધિ

શ્રી રામરક્ષા સ્તોત્ર સિદ્ધ કરવાનો સમય નવરાત્રી છે. ચૈત્રમાસમાં રામનવમી પર પૂર્ણ થાય એ નવરાત્રી આ માટે યોગ્ય છે. ચૈત્રમાસની નવરાત્રીમાં પ્રતિપદા (પડવા)થી નવમી તિથિ સુધી પ્રતિદિન બ્રાહ્મ મુહૂર્તમાં સ્નાનાદિ તથા નિત્યકર્મથી પરવારીને, શુદ્ધ વસ્ત્ર ધારણ કરી, કુશના આસન પર સુખાસનમાં પૂર્વાભિમુખ અથવા ઉત્તરાભિમુખ બેસવું સામે શ્રી સંકટમોચન હનુમાનજીનો ફોટો કે ચિત્ર રાખવું. પંચોપચાર (પુષ્પ, ચંદન, ધૂપ, દિપ, નૈવેદ્ય)થી પૂજા કરીને આ મહાન ફળદાયી સ્તોત્ર સિદ્ધ કરવા માટે ૧૧ વાર નિયમિતપણે રોજ પાઠ કરવો. પાઠ કરતી વખતે અખંડ પ્રજ્વલિત દીપક તથા

ધૂપ રાખવો જોઈએ. રામનવમીએ ૧૧ બ્રાહ્મણોને ભોજન તથા યથાશક્તિ દક્ષિણા આપવી. સ્તોત્ર સિદ્ધ કર્યા બાદ એકવાર પાઠ હમેશાં કરવો જોઈએ. આ સ્તોત્ર ચૈત્રમાસની નવરાત્રીમાં સિદ્ધ કરવું શ્રેષ્ઠ ફળદાયી છે. પરંતુ ભારતીય પંચાંગ અનુસાર કોઈપણ માસના શુક્લ પક્ષનાં પ્રથમ નવ દિવસ અર્થાત્ પડવાથી નવમી તિથિમાં, અથવા આસો માસની નવરાત્રીમાં પણ ઉપર્યુક્ત પ્રકારે નિયમિત પાઠ કરીને સિદ્ધ કરી શકાય છે.

## પ્રયોગ વિધિ

સર્વ પ્રકારના મનોરથો પૂર્ણ કરવાને આ સ્તોત્ર સમર્થ છે. ખૂબ ઉંડાણથી સમજીને જ સકામભાવથી પાઠ કરવો ઉચિત છે. પરંતુ ભક્તિભાવપૂર્વક ભગવત્ પ્રિત્યર્થે એક પાઠ નિત્ય કરવો જોઈએ. કોઈપણ મનોરથ માટે જપ (પાઠ)ની વિધિ જ ખૂબ મહત્વની છે. પરંતુ રોગ નિવારણ અર્થે અભિમન્ત્રિત જળ વડે રોગનું માર્જન કરવું તે ઉત્તમ વિધિ છે. માર્જન કરવાની વિધિ એ છે કે ગુલાબ લાલ રંગના સાત્વિક પાંચ પુષ્પો લેવાં. તે શુદ્ધ રહેવા જોઈએ, કારણ કે ભીનાં વસ્ત્રમાં લપેટવાથી, ધોવાથી, સુંઘવાથી કે અપવિત્ર હાથ વડે સ્પર્શ કરવાથી પુષ્પ અશુદ્ધ, અપવિત્ર બની જાય છે. નવરાત્રીમાં જે વિધિ પ્રમાણે પાઠ કર્યા હોય તે વિધિ પ્રમાણે પાઠ કરવા. એક માર્જન કરવા માટે ૧૧ કે ૨૧ વાર પાઠ કરવા યોગ્ય છે. પાઠ કર્યા પછી હાથમાં રાખેલા પુષ્પથી રોગનું માર્જન કરવું. અર્થાત્ લોટામાંના પાણીમાં પુષ્પ બોળીને તે પાણી પુષ્પ વડે રોગી પર માથાથી પગ સુધી છાંટવું. ૧૧ વાર છાંટીને તે પુષ્પ રોગીની પથારીમાં માથા પાસે રાખવા. પથારીમાં રાખેલા પુષ્પો જેમ જેમ સૂકાતાં જશે તેમ તેમ રોગ પણ સૂકાતો જશે અને નષ્ટ થશે. માર્જન આવશ્યક્તાનુસાર ૧, ૩, ૭, ૧૧ યા ૨૧ ની સંખ્યામાં કરવામાં આવે છે. ભગવાન પાસે રાખેલ પુષ્પ જલમાં પ્રવાહિત કરી દેવું જોઈએ. બાકીનાં પુષ્પોને જમીનમાં દાટી દેવાં. માર્જનકર્તાએ ઉપવાસ રહે તેમ એકવાર ભોજન કરવું તથા પવિત્રસંયમ બ્રહ્મચર્યપૂર્વક રહેવું. શ્રી સંકટમોચન હનુમાનજીની કૃપા પર જ કાર્યસિદ્ધિ નિર્ભર છે, જેથી અત્યંત શ્રદ્ધા વિશ્વાસ રાખી આ વિધિ કરવી.

# ॥ શ્રી રામરક્ષા સ્તોત્રમ્ ॥

**અસ્ય શ્રી રામરક્ષા સ્તોત્રમન્ત્રસ્ય બુધકૌશિક ઋષિઃ શ્રી સીતારામચંદ્રો દેવતા અનુષ્ટુપ છંદઃ સીતા શક્તિઃ શ્રીમાન હનુમાન કીલકં શ્રીરામચંદ્ર પ્રીત્યર્થે રામરક્ષા સ્તોત્રજપે વિનિયોગઃ**

આ રામરક્ષા સ્તોત્ર રૂપી મંત્રના બુદ્ધકૌશિક ઋષિ છે. સીતા અને રામચંદ્ર દેવતા છે. અનુષ્ટુપ છંદ છે. સીતા શક્તિ છે. શ્રીમાન હનુમાનજી કીલક (મંત્રનો મુખ્ય ભાગ) છે તથા રામચંદ્રજીની પ્રસન્નતા માટે રામરક્ષા સ્તોત્રના જપમાં વિનિયોગ કરવામાં આવે છે.

**ધ્યાનમ્ - ધ્યાયેદાજાનુબાહું ધૃતશરધનુષં બદ્ધ પદ્માસનસ્થં,**
**પીતં વાસો વસાનં નવકમલદલસ્પર્ધિનેત્રં પ્રસન્નમ્;**
**વામાંકારૂઢસીતામુખકમલમિલલ્લોચનં નીરદાભં,**
**નાનાલંકારદીપ્તં દધતમુરુજટામંડલં રામચંદ્રમ્.**

જે ઘૂંટણ સુધી લાંબા હાથવાળા, ધનુષબાણ ધારણ કરવાવાળા, પદ્માસન વાળીને બેઠેલા છે. પીતાંબર ધારણ કરવાવાળા, જેના પ્રસન્ન નયન નૂતન કમળદળ સાથે સ્પર્ધા કરે છે તથા વામ ભાગમાં બિરાજેલા શ્રી સીતાજીના મુખકમળને જે સ્મિત પૂર્વક નિહાળે છે તે

આજાનબાહુ ઘનશ્યામ અનેક પ્રકારના આભૂષણોથી સુશોભિત તથા વિશાળ જટા ધારી શ્રી રામચંદ્રનું ધ્યાન ધરો.

**ચરિતં રઘુનાથસ્ય શતકોટિપ્રવિસ્તરમ્**
**એકૈકમક્ષરં પુંસાં મહાપાતકનાશનમ્ ૧**

રઘુનાથનું ચરિત સો કરોડ વિસ્તારવાળું અને તેનો એક એક અક્ષર પણ મનુષ્યોના મહાન પાપોનો નાશ કરવાવાળો છે. ૧

**ધ્યાત્વા નિલોત્પલશ્યામં રામં રાજીવલોચનમ્**
**જાનકીલક્ષ્મણોપેતં જટામુકુટમંડિતમ્ ૨**

**સાસિતૂણધનુર્બાણપાણિં નક્તંચરાન્તકમ્**
**સ્વલીલયા જગત્ત્રાતુ માવિર્ભૂતમજં વિભુમ્ ૩**

**રામરક્ષાં પઠેત્પ્રાજ્ઞઃ પાપઘ્નીં સર્વ કામદામ્**
**શિરો મે રાઘવઃ પાતુ ભાલં દશરથાત્મજઃ ૪**

જેનો નીલકમળદળ સમાન શ્યામવર્ણ છે, કમળદળ સમાન લોચન છે. જટાઓના મુકુટથી જે સુશોભિત છે, હાથમાં ધનુષબાણ અને ખડગ છે, રાક્ષસોનો સંહાર કરવાવાળા

તથા સંસારનું રક્ષણ કરવા માટે પોતાની લીલાથી જ અવતરેલા છે, તે અજન્મા સર્વવ્યાપક ભગવાન રામ, જાનકીજી અને લક્ષ્મણજી સહિતનું ધ્યાન કરીને બુદ્ધિમાન પુરુષ પાપોનો નાશ કરવાવાળા રામ રક્ષા સ્તોત્રનો પાઠ કરે. રામ મારા મસ્તકનું રક્ષણ કરો, દશરથાત્મજ-દશરથના પુત્ર રામ મારા લલાટનું રક્ષણ કરો. ૨-૩-૪

**કૌશલ્યેયો દશૌ પાતુ વિશ્વામિત્રપ્રિયઃ શ્રુતિ**
**ઘ્રાણં પાતુ મખત્રાતા મુખં સૌમિત્રિવત્સલઃ ૫**

કૌશલ્યાનંદન રામ મારા નેત્રોની રક્ષા કરો. વિશ્વામિત્રને પ્રિય એવા રામ મારા કર્ણની રક્ષા કરો. યજ્ઞરક્ષક-રામ મારા નાકની રક્ષા કરો. લક્ષ્મણ પર વાત્સલ્ય રાખવાવાળા રામ મારા મુખની રક્ષા કરો. ૫

**જિહ્વાં વિદ્યાનિધિઃ પાતુ કણ્ઠં ભરતવંદિતઃ**
**સ્કન્ધૌ દિવ્યાયુધઃ પાતુ ભુજૌ ભગ્નેશકાર્મુકઃ ૬**

વિદ્યાનિધિ-શ્રી રામ મારી જીભની રક્ષા કરો. ભરતવંદિત-શ્રી રામ મારા કંઠની રક્ષા કરો. દિવ્ય હથિયાર વાળા શ્રી રામ મારા ખભાનું રક્ષણ કરો. ભગ્નેશકાર્મુક-મહાદેવનું ધનુષ તોડનાર શ્રી રામ મારા બે બાહુઓનું રક્ષણ કરો. ૬

**કરૌ સીતાપતિઃ પાતુ હૃદયં જામદગ્ન્યજિત્**
**મધ્યં પાતુ ખરધ્વંસી નાભિં જામ્બવદાશ્રયઃ ૭**

શ્રી સીતાપતિ-શ્રી રામ મારા બે હાથની રક્ષા કરો. જામદગ્નજીત-પરશુરામને જીતનાર શ્રી રામ મારા હૃદયની રક્ષા કરો. ખરધ્વંસી ખર નામના રાક્ષસનો નાશ કરનાર શ્રી રામ મારા મધ્યભાગની રક્ષા કરો. જામ્બવાનના આશ્રયરૂપ શ્રી રામ મારી નાભિની રક્ષા કરો. ૭

**સુગ્રીવેશઃ કટી પાતુ સક્થિની હનુમત્પ્રભુઃ**
**ઊરુ રઘૂત્તમઃ પાતુ રક્ષઃકુલવિનાશકૃત્ ૮**

સુગ્રીવેશ-સુગ્રીવના સ્વામી શ્રી રામ મારા કમરની રક્ષા કરો. હનુમત્પ્રભુ-હનુમાનના પ્રભુ શ્રી રામ મારા સાથળની રક્ષા કરો. રાક્ષસકુલ વિનાશક શ્રી રામ રઘુશ્રેષ્ઠ મારા થાપાની રક્ષા કરો. ૮

**જાનુની સેતુકૃત્પાતુ જઙ્ઘે દશમુખાન્તકઃ**
**પાદૌ વિભીષણશ્રીદઃ પાતુ રામોઽખિલં વપુઃ ૯**

સેતુકૃત-સેતુ બાંધવાવાળા શ્રી રામ મારા જાનુઓની રક્ષા કરો. દશમુખાન્તક રાવણને મારનાર શ્રી રામ મારા જાંઘની રક્ષા કરો. વિભીષણને શ્રી આપનાર શ્રી રામ મારા પગની રક્ષા કરો અને હે રામ મારા સંપૂર્ણ શરીરની રક્ષા કરો. ૯

**એતાં રામબલોપેતાં રક્ષાં યઃ સુકૃતી પઠેત્**
**સ ચિરાયુઃ સુખી પુત્રી વિજયી વિનયી ભવેત્ ૧૦**

શ્રી રામના બળથી યુક્ત એવી આ રક્ષાનો જે કોઈ પુણ્યવાન પુરુષ પાઠ કરે તે દીર્ઘાયુષી, સુખી, પુત્રવાન, વિજયી અને વિનય સંપન્ન થાય છે. ૧૦

**પાતાલ-ભૂતલ-વ્યોમ ચારિણશ્છદ્મચારિણઃ**
**ન દ્દષ્ટુમપિ શક્તાસ્તે રક્ષિતં રામનામભિઃ ૧૧**

પાતાલ, પૃથ્વી, આકાશમાં વિચરવાવાળા કપટી રાક્ષસ ઈત્યાદિ રામનામથી રક્ષાયેલા મનુષ્યની સામુ પણ જોઈ શકતા નથી. ૧૧

**રામેતિ રામભદ્રેતિ રામચન્દ્રેતિ વા સ્મરન્**
**નરો ન લિપ્યતે પાપૈ ર્ભુક્તિં મુક્તિં ચ વિન્દતિ ૧૨**

'રામ' 'રામભદ્ર' 'રામચંદ્ર' આ નામોનું સ્મરણ કરવાવાળો મનુષ્ય પાપોથી લેપાતો નથી અને ભોગો તથા મોક્ષ પ્રાપ્ત કરે છે. ૧૨

**જગજ્જૈત્રૈકમન્ત્રેણ રામનામ્નાભિરક્ષિતમ્**
**યઃ કણ્ઠે ધારયેત્તસ્ય કરસ્થાઃ સર્વસિદ્ધયઃ ૧૩**

જગતનો વિજય કરનાર પુરુષ એક માત્ર રામનામના મંત્રથી સુરક્ષિત થઈ સ્તોત્રને કંઠમાં ધારણ કરી દે (સ્તોત્ર કંઠ કરે છે) તો સંપૂર્ણ સિદ્ધિઓ તેના હાથમાં આવે છે. ૧૩

**વજ્ર પંજરનામેદં યો રામકવચં સ્મરેત્**
**અવ્યાહતાજ્ઞઃ સર્વત્ર લભતે જયમંગલમ્** ૧૪

જે મનુષ્ય વજ્રપંજર જેવા આ રામ કવચનું સ્મરણ કરે છે તેની આજ્ઞાનો કદીએ ભંગ થતો નથી અને તેને સર્વત્ર જય જય અને મંગળ પ્રાપ્ત થાય છે. ૧૪

**આદિષ્ટવાન્ યથા સ્વપ્ને રામરક્ષામિમાં હરઃ**
**તથા લિખિતવાન્ પ્રાતઃ પ્રબુદ્ધો બુધકૌશિકઃ** ૧૫

શ્રી મહાદેવજીએ રાત્રિના સમયે સ્વપ્નમાં જે રીતે આ રામરક્ષાનો આદેશ આપ્યો તે જ રીતે પ્રાતઃકાળે જાગતાંની સાથે જ બુધકૌશિકે તેને લખ્યો છે. ૧૫

**આરામઃ કલ્પવૃક્ષાણાં વિરામઃ સકલાપદામ્**
**અભિરામસ્ત્રિલોકાનાં રામઃ શ્રીમાન્સ નઃ પ્રભુઃ** ૧૬

માનો કે જે કલ્પવૃક્ષનો બગીચો છે. સઘળાં દુઃખોનો અંત કરવાવાળાં છે. ત્રણે લોકમાં સુંદર છે. એવા તે શ્રી રામ આમારા પ્રભુ છે. ૧૬

**તરુણૌ રૂપસમ્પનૌ સુકુમારૌ મહાબલૌ**
**પુંડરીકવિશાલાક્ષૌ ચીરકૃષ્ણાજિનામ્બરૌ** ૧૭

ફલમૂલાશિનૌ દાન્તૌ તાપસૌ બ્રહ્મચારીણૌ
પુત્રૌ દશરથસ્યૈતૌ ભ્રાતરૌ રામલક્ષ્મણૌ ૧૮
શરણ્યૌ સર્વસત્ત્વાનાં શ્રેષ્ઠૌ સર્વધનુષ્મતામ્
રક્ષઃકુલનિહન્તારૌ ત્રાયેતાં નો રઘૂત્તમૌ ૧૯

તરુણ અવસ્થાવાળા રૂપવાન, સુકોમળ, મહાબળવાન, કમળ સમાન વિશાળ નેત્રોવાળા, વલ્કલ અને કૃષ્ણમૃગચર્મ ધારણ કરવાવાળા, ફળ મૂળનો આહાર કરનારા, સંયમી તપસ્વી બ્રહ્મચારી, સર્વ જીવોને શરણ આપનારા, સમસ્ત ધનુર્ધારીઓમાં શ્રેષ્ઠ અને રાક્ષસ કુળનો સંહાર કરવાવાળા, એવા રાજા દશરથના બે પુત્રો રઘુત્તમ રામ અને લક્ષ્મણ એ બંને ભાઈઓ અમારું રક્ષણ કરો. ૧૭-૧૮-૧૯

આત્તસજ્જધનુષાવિષુસ્પૃશાવક્ષયાશુગનિષંગસંગિનૌ
રક્ષણાય મમ રામલક્ષ્મણાવગ્રતઃ પથિ સદૈવગચ્છતામ્ ૨૦

સંધાન કરેલુ ધનુષ જેમણે તૈયાર રાખેલું છે. બાણને સ્પર્શ કરી રાખ્યો છે. અક્ષય બાણોથી ભરેલા ભાથાને ધારણ કરવાવાળા, એવા શ્રી રામ અને લક્ષ્મણજી મારી રક્ષા કરવા માટે માર્ગમાં હંમેશાં જ મારી આગળ ચાલે છે. ૨૦

સન્નદ્ધઃ કવચી ખડ્ગી ચાપબાણધરો યુવા
ગચ્છન્મનોરથોઽસ્માકં રામઃ પાતુ સલક્ષ્મણઃ ૨૧

હંમેશાં સજ્જ કવચયુક્ત, ખડગ અને ધનુષ્ય બાણધારી, યુવાવસ્થાવાળા ભગવાન શ્રી રામ લક્ષ્મણજી સહિત મારી આગળ ચાલી મારા મનોરથોની રક્ષા કરો. ૨૧

રામો દાશરથિઃ શૂરો લક્ષ્મણાનુચરો બલી
કાકુત્સ્થઃ પુરુષઃ પૂર્ણઃ કૌશલ્યેયો રઘૂત્તમઃ ૨૨

વેદાન્તવેદ્યો યજ્ઞેશઃ પુરાણપુરુષોત્તમઃ
જાનકીવલ્લભઃ શ્રીમાનપ્રમેયપરાક્રમઃ ૨૩

ઈત્યેતાની જપેન્નિત્યં મદ્ભક્તઃ શ્રદ્ધયાન્વિતઃ
અશ્વમેધાધિકં પુણ્યં સંપ્રાપ્નોતિ ન સંશયઃ ૨૪

ભગવાનનું કથન છે કે, રામ, દાશરથિ, શૂર, લક્ષ્મણાનુચર બલી, કાકુત્સ્થ, પુરુષ, પૂર્ણ કૌશલ્યેય, રઘુત્તમ, વેદાન્તવેદ્ય, યજ્ઞેશ, પુરાણ પુરષોત્તમ, જાનકી વલ્લભ, શ્રીમાન્ અને અપ્રમેય પરાક્રમી, એ નામોનો દરરોજ શ્રદ્ધાપૂર્વક જપ કરવાવાળો મારો ભક્ત બધા અશ્વમેધ યજ્ઞથી પણ અધિક ફળ મેળવે છે એમા કોઈ સંદેહ નથી. ૨૨-૨૩-૨૪

**રામં દૂર્વાદલશ્યામં પદ્માક્ષં પીતવાસસમ્**
**સ્તુવન્તિ નામભિર્દિવ્યૈર્ન તે સંસારિણો નરાઃ ૨૫**

જે લોકો દુર્વાદલ સમાન શ્યામવર્ણ, કમલનયન, પીતાંબરધારી, ભગવાન રામનું આ દિવ્ય નામોથી સ્તવન કરે છે, તે સંસારચક્રમાં પડતો નથી. ૨૫

**રામં લક્ષ્મણપૂર્વજં રઘુવરં સીતાપતિં સુન્દરમ્**
**કાકુત્સ્થં કરૂણાર્ણવં ગુણનિધિં વિપ્રપ્રિયં ધાર્મિકમ્**
**રાજેન્દ્રં સત્યસંધં દશરથતનયં શ્યામલં શાન્તમૂર્તિમ્**
**વન્દે લોકાભિરામં રઘુકુલતિલકં રાઘવં રાવણારિમ્ ૨૬**

લક્ષ્મણજીના વડીલ બંધુ, રઘુકુળમાં શ્રેષ્ઠ, સીતાજીના સ્વામી, અતિસુંદર, કાકુત્સ્થકુલનંદન કરુણાસાગર, ગુણોના ભંડાર, બ્રાહ્મણો જેમને પ્રિય છે, પરમ ધાર્મિક, રાજ રાજેશ્વર, સત્યનિષ્ઠ દશરથના પુત્ર શ્યામ અને શાન્તમૂર્તિ લોકોમાં ખૂબ જ સુંદર, રઘુકુલ તિલક, રાઘવ અને રાવણના શત્રુ ભગવાન રામની હું વંદના કરું છું! ૨૬

**રામાય રામભદ્રાય રામચંદ્રાય વેધસે**
**રઘુનાથાય નાથાય સીતાયાઃ પતયે નમઃ ૨૭**

રામ, રામભદ્ર, રામચંદ્ર, વિધાતાસ્વરૂપ, રઘુનાથ પ્રભુ સીતાપતિને મારા નમસ્કાર છે. ૨૭

**શ્રીરામ રામ રઘુનંદન રામ રામ**
**શ્રીરામ રામ ભરતાગ્રજ રામ રામ**
**શ્રીરામ રામ રણકર્કશ રામ રામ**
**શ્રીરામ રામ શરણં ભવ રામ રામઃ ૨૮**

હે રઘુનંદન! શ્રી રામ! હે ભરતાગ્રજ! ભગવાન રામ! હે રણધીર પ્રભુ રામ! આપ મારું શરણ થાઓ. ૨૮

**શ્રીરામચન્દ્રચરણૌ મનસા સ્મરામિ**
**શ્રીરામચન્દ્રચરણૌ વચસા ગૃણામિ**
**શ્રીરામચન્દ્રચરણૌ શિરસા નમામી**
**શ્રીરામચન્દ્રચરણૌ શરણં પ્રપદ્યે ૨૯**

હું શ્રી રામચન્દ્રના ચરણોનું મનથી સ્મરણ કરું છું. શ્રી રામચન્દ્રના ચરણોનું હું વાણીથી કીર્તન કરું છું. શ્રી રામચન્દ્રના ચરણોને મસ્તક નમાવી પ્રણામ કરું છું તથા શ્રી રામચન્દ્રજીના ચરણોને હું શરણે જાઉં છું. ૨૯

**માતા રામો મત્પિતા રામચન્દ્રઃ**
**સ્વામી રામો મત્સખા રામચન્દ્રઃ**

**સર્વસ્વં મે રામચન્દ્રો દયાલુ**
**ર્નાન્યં જાને નૈવ જાને ન જાને ૩૦**

રામ મારી માતા છે, રામ મારા પિતા છે, રામ મારા સ્વામી છે અને રામ જ મારા પ્રિય છે, દયામય રામચન્દ્ર જ મારું સર્વસ્વ છે, જેના સિવાય બીજા કશાને હું બિલકુલ જાણતો નથી અને જાણીશ પણ નહીં. ૩૦

**દક્ષિણે લક્ષ્મણો યસ્ય વામે ચ જનકાત્મજા**
**પુરતો મારુતિર્યસ્ય તં વંદે રઘુનંદનમ્ ૩૧**

જેમની જમણી બાજુ લક્ષ્મણજી, ડાબી બાજુ જાનકીજી અને સામે હનુમાનજી બીરાજમાન છે, તે રઘુનાથજીને હું વંદન કરું છું. ૩૧

**લોકાભિરામં રણરંગધીરં રાજીવનેત્રં રઘુવંશનાથમ્**
**કારુણ્યરુપં કરુણાકરં તં શ્રીરામચન્દ્રં શરણં પ્રપદ્યે ૩૨**

જે ત્રણે લોકમાં સુંદર, સંગ્રામરૂપી રંગભૂમિમાં ધીર, વીર, કમળ જેવાં લોચનવાળા, રઘુવંશના નાથ, કરુણાની મૂર્તિ અને કરુણાના ભંડાર એવા શ્રી રામચન્દ્રજીને શરણે જાઉં છું. ૩૨

**મનોજવં મારુતતુલ્યવેગં જિતેન્દ્રિયં બુદ્ધિમતાં વરિષ્ઠમ્**
**વાતાત્મજં વાનરયૂથમુખ્યં શ્રી રામદૂતં શરણં પ્રપદ્યે** ૩૩

મનના જેવી ગતિવાળા, વાયુ સમાન વેગવાળા પરમ જિતેન્દ્રિય અને બુદ્ધિમાનોમાં શ્રેષ્ઠ છે, તે પવનતનય વાનરોના આગેવાન શ્રી રામદૂત શ્રી હનુમાનજીને શરણે જાઉં છું. ૩૩

**કૂજન્તં રામરામેતિ મધુરં મધુરાક્ષરમ્**
**આરુહ્ય કવિતાશાખાં વન્દે વાલ્મિકિકોકિલમ્** ૩૪

કવિતારૂપી ડાળી પર બેસીને મધુર અક્ષરવાળા મધુર 'રામ રામ'નું મીઠું ગાન કરનાર શ્રી વાલ્મિકી મુનિરૂપી કોકિલને હું વંદન કરું છું. ૩૪

**આપદામપહર્તારં દાતારં સર્વસમ્પદામ્**
**લોકાભિરામં શ્રીરામં ભૂયોભૂયો નમામ્યહમ્** ૩૫

સર્વ આપત્તિઓનો નાશ કરવાવાળા, સર્વ પ્રકારની સંપત્તિઓને પ્રદાન કરવાવાળા, લોકોમાં સુંદર એવા ભગવાન શ્રી રામચન્દ્રને હું વારંવાર નમસ્કાર કરું છું. ૩૫

**ભર્જનં ભવબીજાના મર્જનં સુખસમ્પદામ્**
**તર્જનં યમદૂતાનાં રામરામેતિ ગર્જનમ્** ૩૬

‘રામ રામ’ એવા પ્રકારની ગર્જના, સંસારના સંપૂર્ણ બીજને શેકી નાખનારી એ સઘળાં સુખ સંપત્તિઓને મેળવી આપનારી તથા યમદૂતોને નસાડી મૂકનારી છે. ૩૬

**રામો રાજમણિઃ સદા વિજયતે રામં રમેશં ભજે**
**રામેણાભિહતા નિશાચરચમૂ રામાય તસ્મૈ નમઃ**
**રામાન્નાસ્તિ પરાયણં પરતરં રામસ્ય દાસોસ્મ્યહં**
**રામે ચિત્તલયઃ સદા ભવતુ મે ભો રામ મામુદ્ધરઃ ૩૭**

રાજાઓમાં શ્રેષ્ઠ શ્રી રામજી હંમેશા વિજયને મેળવે છે. હું લક્ષ્મીપતિ ભગવાન રામનું ભજન કરું છું. જે રામચંદ્રએ સંપૂર્ણ રાક્ષસ સેનાનો નાશ કરી દીધો છે. હું તેમને પ્રણામ કરું છું. રામથી કોઈ મોટું શરણ નથી. હું તે રામચંદ્રનો દાસ છું. મારું ચિત્ત હંમેશા રામમાં જ લીન રહે છે. હે રામ! આપ મારો ઉદ્ધાર કરો. ૩૭

**રામ રામેતિ રામેતિ રમે રામે મનોરમે**
**સહસ્ત્રનામ તત્તુલ્યં રામનામ વરાનને ૩૮**

મહાદેવ પાર્વતીજીને કહે છે કે, હે સુમુખી! ‘રામ નામ’ વિષ્ણુસહસ્ત્ર નામની બરાબર છે. હંમેશા ‘રામ રામ’ આ પ્રકારે મનોહર રામનામમાં જ રમણ કરું છું. ૩૮

**ઈતિ શ્રી બુધકૌશિક મુનિ વિરચિત શ્રી રામરક્ષા સ્તોત્ર સંપૂર્ણમ્**
**ૐ શાન્તિઃ શાન્તિઃ શાન્તિઃ**